Extra No. 298

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **Wednesday, AUGUST 20, 2025 / SRAVANA 29, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧)

નં.પીઓએલ-રાજાહેરનામું/૩૭(૧)/વશી/૧૨૧૮/૨૦૧૫.-તા.૦૬/૦૭/૨૦૨૫થી હિન્દુ જૈન ધર્મનો પવિત્ર ચતુર્માસ શરૂ થયેલ છે તથા તા.૨૫/૦૭/૨૦૨૫થી શ્રાવણમાસ ચાલુ છે. તથા આગામી તા.૨૭/૦૮/૨૦૨૫ થી તા.૦૫/૦૯/૨૦૨૫ દરમ્યાન હિન્દુ ધર્મના ગણપતિ મહોત્સવના તહેવારની ઉજવણી થનાર છે. તથા તા.૦૬/૦૯/૨૦૨૫ના રોજ ગણપતિ વિસર્જન થનાર છે. તેમજ મુસ્લિમ ધર્મના ઈદ-એ-મિલાદ(મહંમદ પયગંબરની જન્મ દિવસ)ની ઉજવણી સમગ્ર રાજ્યમાં તા.૦૫/૦૯/૨૦૨૫ના રોજ થાય તેવી શક્યતા છે. તેમજ તા.૦૧/૦૯/૨૦૨૫ થી તા.૭/૦૯/૨૦૨૫ સુધી શ્રી અંબાજી માતાના દેવસ્થાન બનાસકાંઠા જિલ્લાના અંબાજી ખાતે તથા સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે ભાદરવી પુનમ અન્વયે રાજ્યના અલગ-અલગ વિસ્તારો તેમજ અન્ય રાજ્યોમાંથી ખુબ મોટી સંખ્યામાં લોકો પગપાળા /વાહન દ્વારા /રેલ્વે માર્ગ યાત્રાળુઓ દર્શનાર્થે જાય છે તેમજ જુદા જુદા ખાનગી ઈનપુટો ધ્યાને લેતાં જિલ્લામાં અસામાજીક તત્વો ધ્વારા અઘટિત બનાવ ન બને તે માટે તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તા.૧૨/૦૮/૨૦૨૫ના રોજ રજુ કરેલ પત્રની વિગતે સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે પ્રતિબંધક આદેશ બહાર પાડવા વિનંતી સહ દરખાસ્ત કરેલ છે. જે પરત્વે નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાયેલ છે.

વાસ્તે, હું કે.એ.વાઘેલા(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૨૨/૦૮/૨૦૨૫ના કલાક ૦૦-૦૨ થી તા.૦૫/૦૯/૨૦૨૫ના કલાક ૨૪-૦૦ સુધી નીચે મુજબની સુચનાઓની તમામ સંબંધીતોને અમલવારી કરવા હુકમ કરુ છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સાબરકાંઠાની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

તા.૨૨/૦૮/૨૦૨૫ના કલાક ૦૦.૦૨ થી તા.૦૫/૦૯/૨૦૨૫ના કલાક ૨૪-૦૦ (બંને દિવસો સહિત)૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

પ્રતિબંધિત કૃત્યો

૧. જેનાથી શારીરીક ઈજા પહોચાડવા અંગે ઉપયોગમાં લઈ શકે તેવા શસ્ત્રો જેમ કે, શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે તેવી બીજી કોઈ વસ્તુઓ લઈ જવા અંગે અથવા સાથે લઈને ફરવાનું.

૨. કોઈપણ ખવાઈ જાય તેવા પદાર્થ અથવા જલ્દી સળગી ઉઠે તેવી વસ્તુઓ, બીજા સ્ફોટક પદાર્થો લઈ જવા અંગે અથવા સાથે લઈને ફરવાનું.

૩. પથ્થરો કે બીજા હથીયારો કે હથીયારો ફેકવાના કે નાખવાના યંત્રો કે સાધનો એકઠા કરવા તથા સાથે લઈ જવા અંગે કે તૈયાર કરવા કે સાથે લઈને ફરવાનું.

૪. સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવા બાબત.

૫. વ્યક્તિઓ અથવા તેના શબ, આકૃતિ કે આકાર અથવા પુતળા દેખાડવાનું.

૬. લોકોએ બુમ પાડવાની કે ગીતો ગાવાની કે વાદ્ય વગાડવા બાબત.

૭. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાનું જેનાથી સુરુચી અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડો, ચીત્રો, નિશાનીઓ દેખાડવાનું અથવા ફેલાવો કરવાનું કે સાથે રાખીને ફરવાનું.

"અપવાદ: નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી"

૧. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટથી અથવા અધિકૃત કરેલ કોઈ પણ અધિકારીશ્રીએ શારીરીક અશક્તિના કારણે લાકડી, કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓ.

૨. સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનું આવશ્યક હોય.

૩. કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિતમાં મંજુરી આપી હોય તેવી સંસ્થા કે વ્યક્તિઓ.

૪. ખેતીના કામે ઓજારો લઈ જતાં ખેડુતો.

૫. સરકારશ્રીના સરકારી કાર્યક્રમ

" જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ"

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

મે, આજ તા.૨૦મી ઓગસ્ટ-૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ક્રિશ્ના એ. વાઘેલા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે.

નં.પીઓએલ-૨/જાહેરનામું/૩૭(૩)/વશી/૧૨૧૮(૧)/૨૦૨૫.-તા.૦૬/૦૭/૨૦૨૫થી હિન્દુ/જૈન ધર્મનો પવિત્ર ચતુર્માસ શરૂ થયેલ છે તથા તા.૨૫/૦૭/૨૦૨૫થી શ્રાવણમાસ ચાલુ છે. તથા આગામી તા.૨૭/૦૮/૨૦૨૫ થી તા.૦૫/૦૯/૨૦૨૫ દરમ્યાન હિન્દુ ધર્મના ગણપતિ મહોત્સવના તહેવારની ઉજવણી થનાર છે. તથા તા.૦૬/૦૯/૨૦૨૫ના રોજ ગણપતિ વિસર્જન થનાર છે. તેમજ મુસ્લિમ ધર્મના ઈદ-એ-મિલાદ(મહંમદ પયગંબરની

જન્મ દિવસ)ની ઉજવણી સમગ્ર રાજ્યમાં તા.૦૫/૦૯/૨૦૨૫ના રોજ થાય તેવી શક્યતા છે. તેમજ તા.૦૧/૦૯/૨૦૨૫ થી તા.૦૭/૦૯/૨૦૨૫ સુધી શ્રી અંબાજી માતાના દેવસ્થાન બનાસકાંઠા જિલ્લાના અંબાજી ખાતે તથા સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે ભાદરવી પુનમ અન્વયે રાજ્યના અલગ-અલગ વિસ્તારો તેમજ અન્ય રાજ્યોમાંથી ખુબ મોટી સંખ્યામાં લોકો પગપાળા/વાહન ધ્વારા/રેલ્વે માર્ગે યાત્રાળુઓ દર્શનાર્થે જાય છે તેમજ જુદા જુદા ખાનગી ઈનપુટો ધ્યાને લેતાં જિલ્લામાં અસામાજીક તત્વો ધ્વારા અઘટિત બનાવ ન બને તે માટે તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તા.૧૨/૦૮/૨૦૨૫ના રોજ રજુ કરેલ પત્રની વિગતે સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે પ્રતિબંધક આદેશ બહાર પાડવા વિનંતી સહ દરખાસ્ત કરેલ છે. જે પરત્વે નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાયેલ છે.

વાસ્તે, હું કે.એ.વાઘેલા(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩)થી મને મળેલ અધિકારની રૂએ આથી આદેશ આપુ છું કે, સાબરકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૨૨/૦૮/૨૦૨૫ના કલાક ૦૦-૦૨ થી તા.૦૫/૦૯/૨૦૨૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવુ નહીં અથવા કે કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં. વધુમાં સરકારી કચેરીઓ આગળ ધરણા, ઉપવાસ, દેખાવોની પ્રવૃત્તિઓ કરવી નહીં.

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તેમજ અન્ય સરકારી કાર્યક્રમને લાગુ પડશે નહી. આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

મે, આજ તા.૨૦મી ઓગસ્ટ-૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ક્રિશ્ના એ. વાઘેલા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 13:45:42 IST